# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪ તા.૨૩-૦૪-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ મતદાન જાગૃતિ અર્થે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં વધુમાં વધુ લોકો મતદાન કરવા પ્રેરાય તે માટે વોટર્સ અવેરનસ પ્રોગ્રામ અંતર્ગત મ્યુનિ. શાળામાં અભ્યાસ કરતા ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે નીચે જણાવેલ સ્થળ ખાતે તા.૨૫-૦૪-૨૦૨૪ ના રોજ સવારે ૮-૦૦ થી ૯-૦૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ધો.૫ થી ૮ના ધોરણવાઈઝ પ્રથમ નંબરના બાળકો આ સ્પર્ધામાં ભાગ લે તે રીતેની કાર્યવાહી શાળાએ કરવી, આ બાળકોના વાલીઓને આમંત્રિત કરવા.

**ચિત્ર સ્પર્ધાની થીમ : " ચૂનાવ કા પર્વ દેશકા પર્વ "**

| ક્રમ | ઝોન | સ્પર્ધાનું સ્થળ | વિદ્યાર્થી સંખ્યા | કો.ઓર્ડિનેટર અધિકારીશ્રીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | પૂર્વ | જડેશ્વર વન | ૭૦૦ | ડૉ.નિમિષાબેન ચૌહાણ |
| ૨ | પશ્ચિમ | વસ્ત્રાપુર તળાવ | ૭૦૦ | દિનેશભાઈ દેસાઈ |
| ૩ | દક્ષિણ | કાંકરિયા તળાવ | ૭૦૦ | જયદેશભાઈ દૂબે |

- કો.ઓર્ડિનેટરશ્રીઓએ કાર્યક્રમની સંબંધિત તમામ જરૂરિયાત મુજબની મંજૂરીઓ મેળવવી અને સ્પર્ધકો માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ચિત્ર સ્પર્ધાના પેટા વિષયો મુખ્ય થીમ આધારિત કો.ઓર્ડિનેટરશ્રીએ નકકી કરી જે-તે સ્થળે ભાગ લેનાર શાળાઓને જાણ કરવાની રહેશે.
- ચિત્ર સ્પર્ધાના વિષયોને સ્થળ પર બોર્ડ લગાવી પ્રદર્શિત કરવા.
- ચિત્ર સ્પર્ધા સ્થળવાઈઝ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા વિદ્યાર્થીને ઈનામ આપવાની વ્યવસ્થા કો.ઓર્ડિનેટરશ્રીએ કરવાની રહેશે.
- કો.ઓર્ડિનેટરશ્રીઓએ નિર્ણાયકોની વ્યવસ્થા કરવી.
- સ્પર્ધાના સ્થળે બાળકોને સલામત રીતે લઈ આવવા અને સ્પર્ધા પૂર્ણ થયે બાળકોને પરત લઈ જવાની વ્યવસ્થા ગોઠવવી.
- આદર્શ આચારસંહિતા જળવાઈ રહે તે જોવી.
- કઈ શાળાએ કયા સ્થળે જવું તેની જાણ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારી કો.ઓર્ડિનેટર સાથે સંકલન કરી શાળાઓને જણાવશે.

તા.૨૩-૦૪-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી